જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૨/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૬૭/૨૦૨૬**

ગોમતીપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૩૬/૧૯૮૫ ઈપીકો કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૩૨, ૩૫૩, ૩૩૬, ૩૩૭, ૧૮૮ મુજબ તથા સેશન્સ કેસ નં.૧૩૭/૨૦૨૩ મુજબ ગુનાના કામે આરોપી (૧) યાસીનખાન આસીફખાન પઠાણ (રહે. નુરનગર રૂમ નંબર–૩૬૯ બાપુનગર અમદાવાદ) તથા (૨) અજીમુલ્લાખાન સરફરાજખાન પઠાણ (રહે. ગરીબનગરના છાપરાં બાપુનગર અમદાવાદ શહેર) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી સી.એચ.શાહ સાહેબ, અધિક સત્ર ન્યાયાધીશ કોર્ટ નં.૦૬ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૮૮ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૫૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૪ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરે હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૬૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૭૦/૨૦૨૬**

નારણપુરાઃ સુધીરકુમાર કમલેશ વિશ્વકર્મા (રહે. લાલાભાઈ કોર્પોરેટરની લાઈનમાં, અંબિકાનગર, ગામ–ખોરજ, ગાંધીનગર) એ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૮/૨૦૨૫ કલાક ૦૯/૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૫ બપોરના ૦૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા સરદાર પટેલ સ્ટેડીયમ ખાતે આવેલ Indian Institute of Tropical Meteorology નામના હવામાન વિભાગના Air Quality Monitoring Station (AQMS) ઓફિસની બારીનો કાચ તોડી અજાણી વ્યક્તિ ઓફિસમાં પ્રવેશ કરી ઓફિસમાંથી સિસ્ટમના મશીન તથા અન્ય ઓફિસની વસ્તુઓ જેમાં (૧) નાઈટ્રોજન સિલિન્ડર નંગ–૦૧ કિમત રૂપિયા ૩૯,૫૦૦/– (૨) 12V 65AH battery નંગ–૦૬ કિમત રૂપિયા ૧,૨૬,૦૦૦/– (૩) MGC મશીન કિમત રૂપિયા ૩,૦૬,૦૦૦/– (૪) External air compressor pump (NOX) કિમત રૂપિયા ૧,૭૨,૯૮૨/– (૫) Picolino pump કિમત રૂપિયા ૮૬,૭૨૫/– તેમજ (૬) UPS નું ચાર્જર કિમત રૂપિયા ૩૩,૯૭૧/– મળી કુલ રૂપિયા રૂપિયા ૭,૬૫,૧૭૮/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૧/૨૦૨૬**

સરદારનગરઃ હિંમતસિંહ માનસિંહ વાઘેલા (ઉ.વ.૮૬) (રહે. કેશવકુંજ બંગ્લોઝ આદિશ્વરનગર નિકોલ રોડ નરોડા) એ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હિંમતસિહ વાઘેલા નાઓ તા.૨૯/૦૧/૨૦૨૬ બપોરના ૧૩/૩૦ વાગ્યાના સુમારે શટલ ઓટોરિક્ષામાં બેસી ગેલેક્ષી ચાર રસ્તાથી કોતરપુરથી નાના ચીલોડા તરફ જઈ રહ્યા હતા દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ અન્ય ત્રણ પુરૂષોએ હિંમતસિહ વાઘેલા નાઓની નજર ચુકવી તેમના થેલામાંથી નાનું પર્સ ચોરી કરી લીધું હતું. જે પર્સમાં સોનાના દાગીના કિમત રૂપિયા આશરે ૪,૨૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૬,૦૦,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હિતેન્દ્રકુમાર લક્ષ્મીકાંત ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૭૨/૨૦૨૬**

સરદારનગરઃ કવિતાબહેન વા/ઓ દેવકિશનભાઈ ઉકવાણી (ઉ.વ.૭૦) (રહે. શિવપાર્ક આશારામ સોસાયટી સામે નોબલનગર સરદારનગર) તા.૦૧/૦૨/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પિકનીક પાર્ટી પ્લોટના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ કવિતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સહીત કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ કવિતાબહેન ઉકવાણી એ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી ડી.જે.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૩/૨૦૨૬**

મેઘાણીનગરઃ ભાવનાબહેન વિજયભાઈ પરમાર (ઉ.વ.૪૩) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ રામચંદ્ર કોલોની સામે કલાપીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૧/૨૦૨૬ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૩/૦૨/૨૦૨૬ સાંજના ૦૭/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.એરૂણકર ચલાવે છે.

ઓઢવઃ નિલેશભાઈ લક્ષ્મણભાઈ ચોરટ (ઉ.વ.૪૨) (રહે. ગોકુળનગર જડેશ્વર વનની પાસે આદિનાથનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૦૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતમાં લગાવેલ લોખંડના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી